ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૮/૨૩–૨૪/ 1168 તારીખ : 25 JUL 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી શિયાળ શામજીભાઈ વાલાભાઈ**
**મું.ગઢડા,**
**તા.મહુવા,**
**જી.ભાવનગર.**

કેસ નં.૧૮/૨૩–૨૪

મો.નં–૯૭૩૭૧ ૮૬૪૪૬

વિષય : **ઘર વપરાશનું નવું કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૪/૦૬/૨૦૨૩ અત્રેની કચેરીને મળ્યા તા.૧૫/૦૬/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮/૨૩–૨૪/૧૦૨૭ તા.૧૬/૦૬/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮/૨૩–૨૪/૧૦૯૪ તા.૦૩/૦૭/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૩/૦૭/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **પેટા વિભાગીય કચેરી–૧, મહુવા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૮/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી શિયાળ શામજીભાઈ વાલાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૩/૦૭/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી શિયાળ શામજીભાઈ વાલાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી વી.પી.જેઠવા, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી શિયાળ શામજીભાઈ વાલાભાઈ, મું.ગઢઠા, તા.મહુવા, જી.ભાવનગરની ઘર વપરાશનું નવું કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૮/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮/૨૩–૨૪/૧૦૨૭ તા.૧૬/૦૬/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૩/૦૭/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી શિયાળ શામજીભાઈ વાલાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી વી.પી.જેઠવા, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ભાવનગર જીલ્લાનાં મહુવા તાલુકાનાં ગઢડા ગામે રહે છે જે દરિયા કિનારે આવેલ ગામ છે.

૧.૨ અરજદારની રજુઆત મુજબ આખું ગામ જમીનમાં પથ્થર ઉપર ગામ છે. આખુ ગામ ગામતળમાં છે. નવું ગામ કે પ્લોટ વિસ્તાર નથી.

૧.૩ અરજદાર દ્વારા ઘરવપરાશ માટે નવું વીજ કનેકશન મેળવવા જરૂરી આધાર પુરાવા લઈને વીજ કચેરી મહુવા રૂરલ–૧ માં આધાર પુરાવા આપેલ તો હાજર અધિકારીએ જણાવેલ એ–૧ ફોર્મ ભરીને આપો. એ–વન ફોર્મ ભરીને રૂરલ–૧ માં ગયેલ તો જણાવેલ કે, બિલીંગ વિભાગમાં નો

ડયુનો સિકકો લગાડી ને આપો. નો ડયુનો સિકકો લગાડીને ફરી સાહેબ પાસે ગયેલ એ–વન ફોર્મ આપેલ તો સ્વીકારેલ નહી. રોડ ઉપર વાહનોની અવર જવર રહેતી હોય તેથી બે પોલનું સર્વે કરેલ. સર્વે થયા બાદ ફરી અરજદાર મહુવા રૂરલ–૧ વીજ કચેરીમાં ગયેલ. હાજર અધિકારી ને એ–વન ફોર્મ અને હેલ્પર દ્વારા કરેલ સર્વે તે ફોર્મ સાહેબન આપેલ. તપાસ કરીને જણાવેલ કે, ઓનલાઈનમાં નાણાં ભરીને આપો. તેથી અરજદાર દ્વારા તા. ૩૦.૦૧.૨૦૨૩ ના રોજ ઓનલાઈનમાં કવોટેશનમાં નાણાં ભરી આપેલ.

૧.૪ ત્યારબાદ, ૧૫ દિવસ પછી અરજદાર કચેરીમાં ગયેલ કે મીટર કનેકશન કયારે લગાડવા મોકલશો તો જણાવેલ કે, થોડા દિવસમાં લગાડી દઈશું છતાં કોઈ આવેલ નહી. ફરી કચેરીમાં ગયેલ તો જણાવેલ કે, તમારૂં મકાન ગામતળમાં હોય તો બે પોલ કેવીરીતે આવે. અરજદારે જણાવેલ કે છેલ્લું મકાન છેં. બાજુમાં રોડ છેં. તેઓનું આખું ગામ ગામતળમાં છે. તલાટી કામ મંત્રીએ દાખલો આપેલ છે. તો હાજર અધિકારીએ જણાવેલ કે સ્થળ ઉપર તપાસ કરવા આવવું પડશે છતાં અવારનવાર અનેક ધકકા ખાવા છતાં સાહેબ આવેલ નથી. કંપનીના નિયમ મુજબ પગલા લેવા ગ્રાહકોના કામ કરવામાં રસ નથી. ગ્રાહકોની ફરીયાદ સાંભળતા નથી. નાયબ ઈજનેર જેઠવા સાહેબને અનેક વખત મળેલ છતાં કામ થતાં નથી.

૧.૫ માટે અરજદારનું વીજ કનેકશન લગાડવા હુકમ કરવા વિનંતી છે. ચાર મહિના કામ કરેલ નથી હવે કહે છે કે, મીની વાવાઝોડું તા.૨૯.૦૫.૨૦૨૩ ના રોજ આવેલ તેની કામગીરી ચાલે છે. આવા અનેક કનેકશનમાં સ્થળ ઉપર તપાસ કરવા જતાં નથી. કચેરીમાં બેઠા બેઠા આવા ખોટા વાંધા કાઢીને વીજ કનેકશનમાં વાંધા પડે તે વ્યાજબી નથી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ ઉપરોકત વિષય તથા સંદર્ભના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય–૧ પેટા વિભાગીય કચેરી પર અરજદાર શ્રી શિયાળ શામજીભાઈ વાલાભાઈ ગામ–ગઢડા તાલુકો મહુવા દ્વારા તા.૩૦.૦૧.૨૦૨૩ ના રોજ ઓન લાઈન અંદાજપત્રના નાણાં ભરપાઈ કર્યા બાદ પણ વીજ જોડાણ ન મળવા પાત્રની રજુઆત ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ. જેને અનુંસંધાને અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૧ કચેરી પરથી તા.૧૭.૦૬.૨૦૨૩ ના રોજ સ્થળ પર તપાસ માટે જુનિયર ઈજનેર શ્રી પી જે હડિયા દ્વારા સ્થળ તપાસ દરમિયાન નીચે મુજબની હકીકત જાણવા મળેલ છે.

૨.૨ અત્રેની મહુવા રૂરલ–૧ કચેરી દ્વારા ઉપરોકત રેકોર્ડની ખરાઈ કરતાં તેમજ તા. ૧૭.૦૬.૨૦૨૩ ના રોજનાં સ્થળ તપાસ પરથી જાણવા મળે છે કે અરજદાર શ્રી શિયાળ શામજીભાઈ વાલાભાઈ દ્વારા

Consumer Grievances Redressal Forum Bhavnagar.

ઘરવપરાશના વીજ જોડાણની માંગણી કરેલ છે. પરંતુ, સ્થળ તપાસ કરતાં કોઈપણ પ્રકારનું રહેણાંક હોઈ તેવું જોવા મળેલ નથી તેમજ સદર જગ્યા ગામથી દુર દરિયા કિનારા તેમજ ઝાડી ઝાંખરા વાળા વિસ્તારમાં જોવા મળેલ છે. સદર જગ્યાની આજુબાજુમાં કોઈ રહેણાંક મકાન જોવા મળેલ નથી. અરજદાર દ્વારા આપવામાં આવેલ પરથી સદર જગ્યા સીમતળ ની બાજુમાં હોય તેવું ચતુરદિશા માં જણાય આવેલ છે તેમજ મંત્રી દ્વારા પણ તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે, સદર જગ્યા ગામતળમાં છે. પરંતુ, તેમના આધાર પેટે અરજદાર શ્રી એ આકારણી નંબરનો દાખલો કે વેરા પહોંચ કે નમુના નંબર–૨ તેમાંથી કોઈ પણ ડોકયુમેન્ટ રજુ કરેલ નથી. તેમજ અરજદાર દ્વારા તેમજ મંત્રી દ્વારા જણાવવામાં આવેલ છે કે સદર જગ્યા મંદિર તેમજ સુરાપુરા દાદાના મંદિર માટે છે જેના આધાર પુરાવા તરીકે કોઈપણ ડોકયુમેન્ટ જેમ કે ટ્રસ્ટ ડીડ કે ટ્રસ્ટ રજીસ્ટ્રેશન રજુ કરેલ નથી. જો સદર જગ્યાનો ઉપયોગ સાર્વજનિક હેતુ માટે થતો હોય તો સદર જગ્યા પર ઘર વપરારનું વીજ જોડાણ મળવા પાત્ર નથી. તેમજ અરજદાર દ્વારા રજુ કરેલ બાંહેધરી ખતમાં સદર જગ્યાનો ઉલ્લેખ પ્લોટ વિસ્તાર તરીકે કરેલ છે. પરંતુ, કોઈપણ પ્રકારનાં પ્લોટ નંબર કે પ્લોટનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. આમ, પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમ અનુસાર સદર કનેકશન મળવાપાત્ર નથી. સદર ડોકયુમેન્ટ માટે અરજદાર પાસે અવારનવાર ઓફીસ દ્વારા માંગવામાં આવેલ છે. તેમ છતાં, અરજદાર દ્વારા ડોકયુમેન્ટ રજુ કરવામાં આવેલ નથી. સદર ડોકયુમેન્ટ કર્યેથી આગળની કાર્યવાહી પીજીવીસીએલ કંપનીનાં નિયમ મુજબ કરવામાં આવશે. આમ, સદર વીજજોડાણ મેળવવાના સ્થળ અરજદારો દ્વારા તેમનાં અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબનાં ન હોય વીજ જોડાણ આપવામાં આવેલ નથી. જે આપ સાહેબની જાણ સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી શામજીભાઈ વાલાભાઈ શિયાળ, ગામ–ગઢડા ખાતે દરિયા કિનારા સ્થિતનાં તેમના ઘર માટે ઘરવપરાશનું કનેકશન પ્રતિવાદી દ્વારા ન આપવામાં આવતાં ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ ફોરમ દ્વારા તા.૧૩.૦૭.૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં, વાદી તમજ પ્રતિવાદી એ મૌખિક રજુઆતો કરેલ છે.

૩.૩ વાદી દ્વારા ગામ–ગઢડા ખાતે દરિયા કિનારે ગામતળમાં છે તથા કનેકશન માંગતા સમયે રજુ કરેલ ડોકયુમેન્ટમાં વાદી દ્વારા મંત્રીનો દાખલો કે વેરા ભર્યા અંગેની પહોંચ વગેરે રજુ કરેલ ન હોઈ, તેમજ સદરહુ જગ્યા ટ્રસ્ટ કે સાર્વજનિક માલુમ પડેલ જયારે વાદી દ્વારા પ્લોટ તરીકે દર્શાવેલ. આમ, માલીકી પણા અંગેની હકીકત પણ સ્પસ્ટ થતી ન હોઈ પ્રતિવાદીની કચેરી દ્વારા જે તે દસ્તાવેજો માંગવામાં આવેલ. જે રજુ કર્યેથી વાદીના વીજ કનેકશનની આગળની કાર્યવાહી થઈ શકે તેમ જણાવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ આજરોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન વાદી દ્વારા પંચાયતમાં વેરા ભર્યા અંગેની પહોંચ તા. ૧૩.૦૭.૨૦૨૩ ની તેમજ મંત્રીનો દાખલો પ્લોટ નં–૨૬૬/૧ નો રજુ કરેલ છે. જે પણ તા.૧૩.૦૭.૨૦૨૩ નો છે.આમ, હવે પ્રતિવાદીને કનેકશન આપવા જરૂરી તમામ દસ્તાવેજો વાદી પુરા પાડી શકે તેમ છે અને પ્રતિવાદી દ્વારા પણ આ દસ્તાવેજો મેળવી વાદીને ઘરવપરાશનું નવું વિજ કનેકશન આપવાની તૈયારી દર્શાવેલ છે.

૩.૫ આ તબકકે ફોરમે પ્રતિવાદીની વાદીની અરજી પર કાર્યવાહી કરવામાં ખુબજ ઢીલ દર્શાવેલ છે. વાદી દ્વારા તા.૩૦.૦૧.૨૦૨૩ ના રોજ અંદાજપત્ર ભર્યા પછી પણ પ્રતિવાદી દ્વારા લાંબા સમયથી કાર્યવાહી કરેલ નથી અને અરજદારે ફોરમને રજુઆત કર્યા બાદ તા.૧૭.૦૬.૨૦૨૩ ના રોજ સ્થળ તપાસ કરેલ છે. જેને લઈને અરજદારને અગવડતા પડેલ છે જેની ગંભીર નોંધ ફોરમે લીધેલ છે.

૩.૬ આ કિસ્સામાં હજુ સુધી વિલંબિત કાર્યવાહી કરવામાં આવેલ છે અને વીજ જોડાણ બાબતે અરજદાર સાથે સમય મર્યાદામાં યોગ્ય પત્ર વ્યવહાર કરવામાં આવેલ નથી. જેથી કાર્યપાલક ઈજનેર મહુવા દ્વારા સંબધિત અધિકારીને ઠપકો આપવા હુકમ કરવામાં આવે છે. તેમજ હવે જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે, જેથી આ જોડાણ દિન સાત માં ચાલુ કરી દેવા અને તેનો અહેવાલ ફોરમને દિન ત્રીસમાં આપવા જણાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(ગેરહાજર)
( )
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૩/૦૭/૨૦૨૩